www.shaktitravels.com
નેશનલ અને ઇન્ટરનેશનલ એસ્કોર્ટેડ ટૂર
ટૂર ઓપરેટર્સ
ઇન્ડીવીડ્યુઅલ પેકેજ
ઇન્સેન્ટીવ ગૃપ ટૂર
ક્રૂઝ હોલિડે
ટૂરીસ્ટ વીઝા આસીસ્ટન્ટ
એર ટીકીટ્સ
હોટેલ બુકિંગ
shakti™ TRAVELS
Your Journey Partner Since 1977
"શુકન" સ્વસ્તીક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ગુજરાત) ભારત.
ફોન: +91 79 26408888, 40218888
ફેક્સ: +91 79 40218800
Email: Inquiry domestic@shaktitravels.com
inquiry_international@shaktitravels.com

# લોકમિત્ર

07-05-2026
Thursday

email: lokmitra1948@gmail.com

વર્ષ ૨૩ ● અંક ७૬ ● કિંમત : રૂ. ૧.૦૦ ● પાનાં : ૪ ● RNI No.: GUJGUJ/2002/07443, ● ફોન નં. ૨૬૫૬૮૪૭૭,

# કામધેનુ યુનિવર્સિટીનો ૧૨મો દીક્ષાંત સમારોહ સંપન્ન

## ગામડાંના ખેડૂત અને પશુધનની સ્થિતિ સુધારવી એ જ ખરા અર્થમાં 'રાષ્ટ્રધર્મ': રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

::રાજ્યપાલશ્રી::
- માત્ર ડિગ્રી મેળવીને નોકરી મેળવવી અને નિવૃત્ત થવું એ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ પરંતુ સાચું જીવન તો બીજાના કલ્યાણ માટે જીવવામાં છે
- યુવા પશુચિકિત્સકો ડિગ્રી લઈને એસી ઓફિસોમાં બેસી રહેવાને બદલે ગામડાંના ખેતરો સુધી પહોંચે તે સમયની માંગ
- પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીનો પ્રેરક સંદેશ: પદવી પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહવાન



દીક્ષાંત સમારોહમાં ૬૭૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત : સ્નાતક કક્ષાના ૪૬૮, અનુસ્નાતક કક્ષાના ૧૭૫ તથા પી.એચ.ડી.ના ૩૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત । કામધેનુ યુનિવર્સિટીના હેસ્ટર બાયોસાયન્સિસ, આણંદ એનિમલ હેલ્પલાઈન, ભારત વેદિકા તથા બનાસડેરી સાથે MoU

ગાંધીનગર એચ.ઓ

રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૧૨મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. આ દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે ૯૨ ચંદ્રક સહિત ૬૭૬ વિદ્યાર્થીઓને પશુચિકિત્સા, ડેરી અને મત્સ્યપાલન શાખાઓના વિવિધ અભ્યાસક્રમોની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

કામધેનુ યુનિવર્સિટીના ૧૨મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં દીક્ષિત થતા યુવા વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, માત્ર ડિગ્રી મેળવીને નોકરી મેળવવી અને નિવૃત્ત થઈ જવું એ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ.

સાચું જીવન તો બીજાના કલ્યાણ માટે જીવવામાં છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં કામધેનુ, રક્ષાશક્તિ, ચિલ્ડ્રન, ટીચર્સ, ફોરેન્સિક સાયન્સ, સંસ્કૃત અને પ્રાકૃતિક ખેતી જેવા વિવિધ વિષયો પર વિશેષ યુનિવર્સિટીઓની સ્થાપના એક વિરાટ લક્ષ્ય સાથે કરી છે, જેને સાર્થક કરવાની જવાબદારી હવે આ યુવા પેઢીની છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આજે ગામડાંઓમાં વૈજ્ઞાનિક અભિગમના અભાવે પશુધનની ગુણવત્તા ઘટી રહી છે. તેમણે પશુપાલન વિભાગના અધિકારીઓ અને યુવા પશુચિકિત્સકોને આહવાન કર્યું હતું કે તેઓ માત્ર કાગળ પરની ઔપચારિકતાઓ છોડીને સીધા ખેડૂતોના દ્વાર સુધી પહોંચે. જો પશુઓની ઓલાદ-બ્રીડ સુધારવામાં આવે તો પશુપાલકની આવક બમણી થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ ભારતીય નસ્લની ગાયો જેવી કે ગીર અને કાંકરેજ પર સંશોધન કરવા અને તેમની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા પર ભાર મૂક્યો હતો.

પોતાના જીવનના જાતઅનુભવો રજૂ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, તેઓ કુરુક્ષેત્રમાં ૪૫૦ જેટલી ગાયોનું પાલન કરે છે. તેમણે માત્ર ૧૦ લિટર દૂધ આપતી ગાયોથી શરૂઆત કરી હતી અને આજે વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉછેર કરીને ૬૨ લિટર સુધી દૂધ મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે કહ્યું કે જો બ્રાઝિલ જેવા દેશો ભારતની ગીર ગાય લઈ જઈને ૪૦-૪૦ લિટર દૂધ મેળવી શકતા હોય, તો ભારતમાં આ શક્ય કેમ નથી? આ માટે માત્ર દ્રઢ ઈચ્છાશક્તિ અને સમર્પણની જરૂર છે. તેમણે પશુપાલનને પ્રાકૃતિક ખેતીનો આધાર ગણાવ્યો હતો. રાસાયણિક ખેતીના ગંભીર પરિણામો વિશે ચેતવણી આપતા તેમણે જણાવ્યું કે, યુરિયા અને ડીએપી જેવા રાસાયણિક ખાતરોએ ધરતીને પથ્થર જેવી બનાવી દીધી છે. ખેતરોમાં વપરાતું નાઈટ્રોજન પર્યાવરણ માટે અત્યંત જોખમી 'નાઈટ્રસ ઓક્સાઈડ' ગેસ બનાવે છે, જે ગ્લોબલ વૉર્મિંગ માટે જવાબદાર છે. આજે માતાના દૂધમાં પણ જંતુનાશકોના અંશ જોવા મળી રહ્યા છે, જે ભયાનક બીમારીઓનું મૂળ છે. આ ઝેરથી મુક્તિ મેળવવાનો એકમાત્ર માર્ગ પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનું સંવર્ધન જ છે.

અંતમાં, રાજ્યપાલશ્રીએ યુવા સ્નાતકોને સંકલ્પ લેવા જણાવ્યું કે, તેઓ જ્યાં પણ જાય ત્યાં પશુધનની ઉન્નત નસ્લ તૈયાર કરવામાં ખેડૂતોને મદદરૂપ થાય. તેમણે ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા સસ્તા દરના 'સેક્સ સોર્ટેડ સીમન'નો લાભ ગામેગામ પહોંચાડવા પર પણ ભાર મૂક્યો હતો. પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સંદેશ પાઠવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યું હતું કે, આ દીક્ષાંત સમારંભ માત્ર ડિગ્રી મેળવવાનો પ્રસંગ નથી, પરંતુ વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત અને સંકલ્પની સફળતાનું પ્રતીક છે.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને કૃષિ જેવા ક્ષેત્રોમાં અપાતું ગુણવત્તાયુક્ત શિક્ષણ આજે રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પાયાનું યોગદાન આપી રહ્યું છે અને આ સ્નાતકો ભવિષ્યમાં પોતાની કુશળતાથી સમાજની સેવા કરી દેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે, તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. આ અવસરે મંત્રીશ્રીએ કામધેનુ યુનિવર્સિટી દ્વારા હેસ્ટર બાયો સાયન્સ, આણંદ એનિમલ હેલ્પલાઈન અને ભારત વેદિકા જેવી સંસ્થાઓ સાથે કરવામાં આવેલા એમઓયુ અંગે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ જોડાણ પશુપાલન ક્ષેત્રે નવીન સંશોધનો માટે માર્ગ મોકળો કરશે. દેશના ખ્યાતનામ પશુચિકિત્સક અને પદ્મશ્રી ડૉ. એન. પુન્નીયામૂર્તિએ આ પ્રસંગે પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પશુધનના વ્યવસ્થાપનમાં પરિવર્તન લાવવાની હિમાયત કરતા જણાવ્યું હતું કે, પશુધનને માત્ર ઉત્પાદન આપતા મશીન તરીકે જોવાને બદલે એક 'ઈકોસિસ્ટમ મોડેલ' તરીકે સ્વીકારવાની જરૂર છે. ખાસ કરીને એન્ટિ-માઈક્રોબાયલ રેઝિસ્ટન્સ જેવા પડકારો સામે લડવા માટે પશુ ચિકિત્સામાં સિન્થેટિક કેમિકલ્સનો ઉપયોગ ઘટાડી ઈથનો-વેટરનરી મેડિસિન એટલે કે, પરંપરાગત ઔષધિઓ પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય છે.

# રોયલ નેધરલેન્ડ નેવીના ડેપ્યુટી કમાન્ડર અને HNLMS ડી રુઈટર કોચીની મુલાકાતે



પી.આઈ.બી. અમદાવાદ

રોયલ નેધરલેન્ડ નેવીનું જહાજ HNLMS ડી રુઈટર (F804), જે ડી ઝેવેન પ્રોવિન્સિયન-ક્લાસ ફ્રિગેટ છે, તે 04 May 2026ના રોજ કોચી પહોંચ્યું હતું.

આ જહાજની મુલાકાત રોયલ નેધરલેન્ડ્સ નેવી (DCN)ના ડેપ્યુટી કમાન્ડર મેજર જનરલ (રોયલ મરીન્સ) રોબ ડી વિટ અને કોચીમાં સધર્ન નેવલ કમાન્ડ (SNC)માં નેધરલેન્ડ્સના રાજદૂત શ્રીમતી મારીસા ગેરાર્ડ્સ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળની મુલાકાત સાથે સુસંગત છે.

કોચી હાર્બર પર આગમન સમયે, HNLMS De Ruyterને ભારતીય નૌકાદળના ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ દ્વારા એસ્કોર્ટ કરવામાં આવ્યું હતાં અને નેવલ બેન્ડ સાથે ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ જહાજ હાલમાં ઈન્ડો-પેસિફિકમાં પાંચ મહિનાના લાંબા મિશન પર છે અને ભાગીદાર દેશો સાથે વિવિધ દરિયાઈ કવાયતોમાં ભાગ લેશે. DCNની આગેવાની હેઠળના નૌકાદળના પ્રતિનિધિમંડળની સાથે નેધરલેન્ડના નૌકાદળના જહાજની ભારતીય બંદરની મુલાકાત બંને દેશો વચ્ચે મજબૂત અને ગાઢ દરિયાઈ સંબંધોની દ્રષ્ટિએ મહત્વ ધરાવે છે. રોયલ નેધરલેન્ડ નેવીના DCN એ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૬માં વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ MILAN ૨૬ના ભાગ રૂપે IONS કોન્ક્લેવ ઓફ ચીફ્સ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.

નેધરલેન્ડના નૌકાદળના પ્રતિનિધિમંડળે સધર્ન નેવલ કમાન્ડના ચીફ ઓફ સ્ટાફ, RAdm પ્રકાશ ગોપાલન સાથે મુલાકાત કરી હતી. ચર્ચાઓમાં દરિયાઈ ક્ષેત્રમાં પરસ્પર હિતની બાબતો આવરી લેવામાં આવી હતી, જેમાં બંને નૌકાદળ વચ્ચે સહકાર વધારવાના માર્ગોનો સમાવેશ થાય છે.

નેધરલેન્ડના રાષ્ટ્રીય સ્મૃતિ દિવસ (04 May) સાથે સુસંગત એક મહત્વપૂર્ણ સંકેતમાં, મેજર જનરલ રોબ ડી વિટ અને એમ્બેસેડર મારીસા ગેરાર્ડ્સે SNC વોર મેમોરિયલ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી – જે શહીદોને એક ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ હતી.

નેધરલેન્ડનું પ્રતિનિધિમંડળ તાલીમ સહકાર વધારવા અને શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતી દ્વિપક્ષીય શ્રેણીબદ્ધ પ્રવૃત્તિઓમાં જોડાવાનું પણ નિર્ધારિત છે. પ્રતિનિધિમંડળ સધર્ન નેવલ કમાન્ડ ખાતે વિવિધ વ્યાવસાયિક તાલીમ સંસ્થાઓની મુલાકાત લેશે અને અદ્યતન સિમ્યુલેટર્સ અને અત્યાધુનિક તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રદર્શનો નિહાળશે. પ્રતિનિધિમંડળ ભારતની શિપબિલ્ડિંગ ક્ષમતાઓ વિશે જાણકારી મેળવવા અને ઔદ્યોગિક સહકાર માટેના માર્ગો શોધવા માટે કોચિન શિપયાર્ડ લિમિટેડની મુલાકાત લેવાનું પણ આયોજન ધરાવે છે. બંને નૌકાદળના કર્મચારીઓ વચ્ચે શ્રેણીબદ્ધ વ્યાવસાયિક અને સામાજિક વાતચીતનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કોચીથી વિદાય લેતી વખતે, HNLMS De Ruyter ભારતીય નૌકાદળના જહાજ સાથે પેસેજ એક્સરસાઇઝ (PASSEX) હાથ ધરશે, જે ઈન્ટરઓપરેબિલિટી અને ઓપરેશનલ સિનર્જીને વધુ મજબૂત બનાવશે.

# હવે 'વંદે માતરમ્'ને પણ રાષ્ટ્રગીત જેવો દરજ્જો, અપમાન કરનારને થશે જેલ: કેન્દ્રનો ઐતિહાસિક નિર્ણય

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં પ્રચંડ જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાનું ઐતિહાસિક પ્રતીક રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્'ને દેશની એકતા અને સાર્વભૌમત્વનું પ્રતીક રાષ્ટ્રગીત 'જન ગણ મન' જેવો જ દરજ્જો આપવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં ઉપસ્થિત મંત્રીઓએ બંગાળમાં ભાજપની જીત બદલ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે.



કેબિનેટની બેઠકમાં સરકારે 'રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ'માં સુધારાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. આ સુધારો લાગુ થયા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત 'વંદે માતરમ્' પર એ જ નિયમો અને પ્રતિબંધો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રગીત 'જન ગણ મન' માટે છે. તેનું ઉલ્લંઘન સંજ્ઞેય ગુનો માનવામાં આવશે. સંજ્ઞેય એટલે કે પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાનો અને કોર્ટની મંજૂરી વગર કેસની તપાસ શરૂ કરવાની સત્તા હોય છે.

વર્તમાન કાયદા હેઠળ રાષ્ટ્રધ્વજ, બંધારણ અથવા રાષ્ટ્રગાનના અપમાન પર જેલ, દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. વર્તમાન ફેરફાર પછી 'વંદે માતરમ્'ને પણ આ જ દાયરામાં સામેલ કરવામાં આવશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે, દેશ હાલમાં આ ગીતની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે.

વર્તમાન કાયદા અનુસાર જે વ્યક્તિ રાષ્ટ્રગાનના ગાનમાં જાણીજોઈને અવરોધ ઊભો કરે છે, તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને થઈ શકે છે. બીજી વખત ગુનો કરવા બદલ ઓછામાં ઓછી એક વર્ષની જેલની જોગવાઈ છે. હવે રાષ્ટ્રીય ગીતને પણ આ જ કાયદાકીય દાયરામાં લાવવામાં આવી રહ્યું છે, જેથી તેની ગરિમા જળવાઈ રહે. અગાઉ ૨૦૦૫માં કાયદામાં સુધારો કરીને ત્રિરંગાના અપમાનજનક ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

તમને જણાવી દઈએ કે 'વંદે માતરમ્'ને રાષ્ટ્રગાનની સમાન દરજ્જો આપવાની માંગ ગયા વર્ષે ડિસેમ્બરમાં સંસદમાં 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠ પર આયોજિત એક વિશેષ ચર્ચા દરમિયાન ઉઠી હતી.

# વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ ૨૦૨૬

## ECINET સરળ કામગીરી, ઝડપી રિપોર્ટિંગ અને ઉન્નત સાયબર સુરક્ષા સુનિશ્ચિત કરે છે

પી.આઇ.બી. અમદાવાદ

ભારતીય ચૂંટણી પંચ (ECI) ના મજબૂત આઈટી પ્લેટફોર્મ 'ECINET' એ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ ૨૦૨૬ દરમિયાન રિયલ-ટાઇમ મોનિટરિંગ સહિત ચૂંટણી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, ઝડપી રિપોર્ટિંગ સક્ષમ કરવા અને પારદર્શિતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

જાન્યુઆરી ૨૦૨૬માં તેના સત્તાવાર લોન્ચિંગ પછીથી, ECINET એપના વપરાશમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે અને આજ દિન સુધીમાં તેના ૧૦ કરોડથી વધુ ડાઉનલોડ્સ થયા છે. નવેમ્બર ૨૦૨૫માં બિહારની ચૂંટણીમાં ECINETના બીટા વર્ઝનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મતદાનના દિવસો દરમિયાન, એટલે કે ૯, ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ, ECINET પર ૯૮.૩ કરોડથી વધુ હિટ્સ નોંધાઈ હતી અને મતગણતરીના દિવસે એટલે કે ૪ મે, ૨૦૨૬ ના રોજ, ECINET પર પ્રતિ મિનિટ સરેરાશ ૩ કરોડ હિટ્સ નોંધાઈ હતી.

ECINET ના સાયબર સુરક્ષા પ્રોટોકોલના પરિણામે મતગણતરીના દિવસે ભારત અને વિદેશમાંથી આવતા ૬૮ લાખથી વધુ દૂષિત હિટ્સનો અસરકારક રીતે સામનો કરવામાં આવ્યો, જેમાં પરિણામ પોર્ટલ સહિત મુખ્ય ચૂંટણી પ્લેટફોર્મને લક્ષ્ય બનાવવામાં આવ્યું.

મતગણતરી કેન્દ્રો પર સુરક્ષા વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલાં તરીકે, આ ચૂંટણીઓમાં તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતગણતરીના દિવસે પ્રથમ વખત ECINETના માધ્યમથી QR કોડ-આધારિત ફોટો ઓળખપત્ર પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મતગણતરીના દિવસે, ૩.૨ લાખથી વધુ QR કોડ્સ જનરેટ કરવામાં આવ્યા હતા જેથી માત્ર અધિકૃત કર્મચારીઓ જ મતગણતરીના સ્થળોએ પ્રવેશ મેળવી શકે, અને તે રીતે મતગણતરી કેન્દ્રોમાં કોઈપણ અનધિકૃત પ્રવેશને અટકાવી શકાય.

# શ્રી શશી શેખર વેમ્પતીની સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનના અધ્યક્ષ તરીકે નિમણૂક

પી.આઇ.બી. અમદાવાદ

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૬ મે ૨૦૨૬ ના જાહેરનામા દ્વારા ભારત સરકારે શ્રી શશી શેખર વેમ્પતિની સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) ના અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરી છે. તેઓ કાર્યભાર સંભાળ્યાની તારીખથી ત્રણ વર્ષના સમયગાળા માટે આ પદ પર રહેશે.



શ્રી પ્રસુન જોશી પ્રસાર ભારતીના અધ્યક્ષ તરીકે પદોન્નત થવાના પરિણામે, તેમણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) ના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું, જેના કારણે આ નવી નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી શશી શેખર વેમ્પતિ મીડિયા, બ્રોડકાસ્ટિંગ અને પબ્લિક કોમ્યુનિકેશન ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમની આ નિયુક્તિથી સીબીએફસી (CBFC) ની કામગીરી વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે.

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાષ્ટ્રવ્યાપી મફત વાર્ષિક સ્વાસ્થ્ય તપાસ પહેલનો શુભારંભ કરશે

## શ્રમ સંહિતા અમલમાં: ESIC હેઠળ કામદારો માટે મફત સ્વાસ્થ્ય તપાસ અભિયાન શરૂ

પી.આઇ.બી. અમદાવાદ

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ. મનસુખ માંડવિયા, નવા લેબર કોડ્સ હેઠળ પ્રસ્તાવિત ૪૦ વર્ષ અને તેથી વધુ વયના કામદારો માટે રાષ્ટ્રવ્યાપી વાર્ષિક સ્વાસ્થ્ય તપાસ પહેલનો ૭ મે, ૨૦૨૬ના રોજ પ્રારંભ કરશે. આ પહેલનું ઔપચારિક ઉદ્ઘાટન નવી દિલ્હીના બસાઈદારાપુર ખાતે આવેલ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC) મેડિકલ કોલેજ અને હોસ્પિટલથી કરવામાં આવશે. દેશભરની અન્ય ૧૧ ESIC હોસ્પિટલોમાં પણ એકસાથે લોન્ચિંગ કાર્યક્રમો યોજવામાં આવશે, જેમાં સંબંધિત રાજ્યોના શ્રમ મંત્રીઓ, સંસદ સભ્યો, ધારાસભ્યો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સર્વગ્રાહી "શ્રમેવ જયતે" માળખા હેઠળના વિઝનને અનુરૂપ છે, જે શ્રમના ગૌરવ અને કામદારો માટે મજબૂત સામાજિક સુરક્ષા પર ભાર મૂકે છે.

આ અમલીકરણ ચાર નવા લેબર કોડ્સ દ્વારા રજૂ કરવામાં આવેલા પરિવર્તનકારી સુધારાઓ પર આધારિત છે, જે ૨૯ કેન્દ્રીય શ્રમ કાયદાઓને ચાર વ્યાપક સ્તંભો હેઠળ એકીકૃત કરે છે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય અનુપાલનને સરળ બનાવવાનો, રોજગારના ઔપચારિકીકરણને પ્રોત્સાહન આપવાનો અને સામાજિક સુરક્ષાના વ્યાપને વિસ્તારવાનો છે.

નોંધનીય છે કે, સોશિયલ સિક્યુરિટી કોડ, ૨૦૨૦ અસંગઠિત, ગિગ અને પ્લેટફોર્મ કામદારો સુધી કવરેજ વિસ્તારે છે, સોશિયલ સિક્યુરિટી ફંડની સ્થાપના કરે છે અને ESIC લાભોનો વ્યાપ વધારે છે. નવા લેબર ફ્રેમવર્ક હેઠળની એક મુખ્ય જોગવાઈ ૪૦ વર્ષ અને તેથી વધુ વયના કામદારો માટે ફરજિયાત વાર્ષિક સ્વાસ્થ્ય તપાસ છે. ESI યોજના હેઠળના લાભાર્થીઓ માટે, આ તપાસ ESICના હોસ્પિટલોના વ્યાપક નેટવર્ક દ્વારા કરવામાં આવશે, જેમાં પ્રારંભિક નિદાન, નિવારક સ્વાસ્થ્ય સંભાળ અને સતત આરોગ્ય દેખરેખ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

વધુમાં, રસાયણો, ઝેરી પદાર્થો અથવા ભારે મશીનરીના સંચાલન સહિત જોખમી અથવા ભયજનક કામગીરીમાં રોકાયેલા કામદારો માટે, ઉંમરને ધ્યાનમાં લીધા વિના તબીબી તપાસ ફરજિયાત છે.

# 'હવે ભારતની રાહ નહીં જોઈએ, અમે ચીન પાસે જઈશું', બંગાળમાં સત્તા પલટા બાદ બાંગ્લાદેશનું ચોંકાવનારું નિવેદન

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન થતાની સાથે જ પડોશી દેશ બાંગ્લાદેશે ભારત સાથેના વર્ષો જૂના તીસ્તા જળ વિવાદને લઈને આક્રમક વલણ અપનાવ્યું છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાને મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે તેમનો દેશ હવે તીસ્તા કરાર માટે ભારતની રાહ જોઈ શકે તેમ નથી અને આ મુદ્દે હવે તેઓ ચીન સાથે હાથ મિલાવવાની તૈયારી કરી રહ્યા છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાન ટૂંક સમયમાં ચીનની સત્તાવાર મુલાકાતે જવાના છે.

આ પ્રવાસ પહેલા મીડિયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, તીસ્તા નદી પરિયોજના તેમના દેશ માટે અત્યંત જરૂરી છે અને ચીન સાથેની વાતચીતના એજન્ડામાં આ પ્રોજેક્ટ ટોચ પર રહેશે. બાંગ્લાદેશ આ પ્રોજેક્ટ માટે ચીન પાસેથી ઓછા વ્યાજ દરે લોન અને મોટા રોકાણની અપેક્ષા રાખી રહ્યું છે. રહેમાન ચીની વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી આ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે.

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીત બાદ બાંગ્લાદેશ દ્વારા આપવામાં આવેલું આ નિવેદન ઘણું સૂચક માનવામાં આવે છે.

જ્યારે વિદેશ મંત્રી ખલીલુર રહેમાનને પૂછવામાં આવ્યું કે શું પશ્ચિમ બંગાળમાં નવી સરકાર બનવાથી કોઈ ફેરફાર આવશે, ત્યારે તેમણે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'બંગાળમાં હજુ નવી સરકારની રચના થઈ નથી અને તેઓ શું વિચારે છે કે ભવિષ્યમાં શું કરશે તે જાણવું મારું કામ નથી.' તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ હવે આ બાબતે હાથ પર હાથ ધરીને બેસી રહેશે નહીં અને પોતાના દેશના હિતોનું રક્ષણ કરવા માટે મક્કમતાથી આગળ વધશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૫૪ નદીઓ વહે છે, પરંતુ અત્યાર સુધી માત્ર ગંગા અને કુશિયારા નદી પર જ સમજૂતી થઈ શકી છે. તીસ્તા નદીના પાણીના સમાન હિસ્સા માટે બાંગ્લાદેશ લાંબા સમયથી માંગ કરી રહ્યું છે. ૧૯૮૩માં એક કામચલાઉ સમજૂતી થઈ હતી, પરંતુ તે ક્યારેય પૂર્ણ રીતે અમલમાં આવી શકી નહીં. ૨૦૧૧માં તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ અને ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રવાસ વખતે પણ આ મુદ્દે સહમતી સાધવાના પ્રયાસો થયા હતા, પરંતુ પશ્ચિમ બંગાળ સરકારના વિરોધને કારણે આ કરાર હંમેશા અટવાયેલો રહ્યો છે. હવે બાંગ્લાદેશનું ચીન તરફનું ઝુકાવ દક્ષિણ એશિયાના રાજકારણમાં નવા સમીકરણો સર્જી શકે છે.

## તંત્રીશ્રીની કલમે

# બંગાળની જીત બાદ ભગવાનો ગ્રાફ બદલાયો

પશ્ચિમ બંગાળની બંપર જીતે ભારતીય જનતા પાર્ટી અથવા NDA શાસિત રાજ્યોની સંખ્યામાં ફરી વધારો કર્યો છે. વલણોમાં મળતી દેખાતી જીત બાદ હવે ૨૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ભગવા સરકાર સત્તા પર સ્થાપિત થઈ ગઈ છે. આવો જોઈએ કે બંગાળની જીત બાદ ભારતના નકશા પર ભગવાનો ગ્રાફ કેવી રીતે બદલાઈ ગયો છે. દેશની રાજધાની દિલ્હી, સૌથી વધારે લોકસભા સીટવાળા ઉત્તર પ્રદેશ, યુપીથી અડીને આવેલા બિહાર ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, ગુજરાત, આસામ, ગોવા, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, સિક્કિમ, મેઘાલય અને મિઝોરમમાં પણ દ્ઘ્ઢછ અથવા ભાજપની સરકાર છે. બંગાળ ફતેહ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ ખુદ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પરથી ભગવા મેપ જાહેર કર્યો છે. ભાજપે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે દેશના દિલથી લઈ બંગાળ સુધી, આ ન ફક્ત એક વધતો નકશો છે, પણ આ એક એવા રાષ્ટ્રનો વિશ્વાસ છે, જો પ્રગતિ માટે દઢ સંકલ્પિત છે. ઉત્તરથી લઈ પૂર્વોત્તર સુધી, રંગોમાં આવેલો બદલાવ હવે જરાં પણ હળવો નથી. બંગાળ તો બસ એ કહાનીનો સૌથી નવો અધ્યાય છે, જે પહેલાથી જોર શોરથી આગળ વધી રહી છે. ૨૦૪૭ સુધી મળી એક વિકસિત ભારતના નિર્માણ સુધી. પશ્ચિમ બંગાળની કુલ ૨૯૪ સીટો પર બે તબક્કામાં મતદાન થયા હતા. જો કે તેમાંથી ફાલ્ટા સીટ પર ફરી મતદાનની ઘોષણા કરી છે.

# અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું



**કોલકત્તા,** પશ્ચિમ બંગાળમાં ભાજપ પ્રચંડ જીત તરફ આગળ વધી રહ્યું છે. અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે ભાજપ ૧૯૮ સીટ અને ટીએમસી આશરે ૯૦ સીટો પર આગળ ચાલી રહી છે. આ વચ્ચે ટીએમસી સાંસદ અને મમતા બેનર્જીની નજીકની સહયોગી સાયોની ઘોષના નિવેદને સ્પષ્ટ કરી દીધું કે તેમણે હાર સ્વીકાર કરી લીધી છે. એક્સ પોસ્ટમાં તેમણે કહ્યું કે અમે જમીન પર હાજર છીએ અને જમીન પર રહીશું. ટીએમસી સાંસદે લખ્યું- ’ECI ના અંતિમ અપલોડની પ્રતીક્ષા છે. જોય બાંગ્લા. આ ચૂંટણી પ્રચારમાં સાયોની ઘોષ મમતા બેનર્જી બાદ મોટો ચહેરો હતો. તે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર હુમલા કરી રહી હતી અને બંને નેતાઓને બાહરી નેતા ગણાવી રહી હતી. કોલકત્તામાં મતદાન કર્યા બાદ તેમણે કહ્યું હતું કે સફેદ સાડી અને ચપ્પલમાં મમતા બેનર્જી બંગાળની જનતા સાથે છે અને જનતા પણ મમતા દીદીની સાથે ચાલી રહી છે. તેમણે કહ્યું કે ભાજપના હાથમાંથી જમીન ખસકી ગઈ છે, મમતા બેનર્જી લડશે અને જીતશે.

જોકે સાયોની ઘોષની ભવિષ્યવાણી ખોટી પડી છે અને ભાજપ ૨૦૦ સીટો પર આગળ છે. આ આંકડો મમતા બેનર્જી અને તેમની પાર્ટી ટીએમસી માટે ચિંતા વધારનારો છે. સૌથી ચર્ચા તે વાતની છે કે જે મુસ્લિમ મતોને ટીએમસી પોતાનો આધાર માનતી રહી છે, તે હવે ધરાશાયી થતો જોવા મળી રહ્યો છે. ઘણા મુસ્લિમ વિસ્તારમાં ભાજપે લીડ મેળવી છે.

તેની પાછળ ઘણા કારણો હોઈ શકે છે. ટીએમસીને પહેલા આશંકા હતી કે SIR ને કારણે મુસ્લિમ મત કપાતા નુકસાન થઈ શકે છે. તો આ ચૂંટણીમાં હિંદુ મતદાતા મોટી સંખ્યામાં ભાજપની તરફેણમાં આવતા જોવા મળી રહ્યાં છે. કેટલીક સીટો પર કોંગ્રેસની હાજરીએ પણ ટીએમસીની વોટ બેંકને પ્રભાવિત કરી છે.

પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સફળતા બાદ કાર્યકરોમાં ઉત્સાહ છે. રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ કાર્યકર્તા ઉત્સાહ મનાવી રહ્યાં છે. કોલકત્તામાં ભાજપની ઓફિસ બહાર કમલા ભોગ તથા ઝાલમુડી અને મિઠાઈઓ વહેંચવામાં આવી રહી છે. સાથે બંગાળમાં જય શ્રીરામના નારા ગૂંજી રહ્યાં છે.

## ભારતના ‘ડીપ સ્પેસ’ સપનાંને રશિયાનો સપોર્ટ

# ISROના હેવી-લિફ્ટ રોકેટ માટે રશિયા આપશે ટેક્નોલોજી



**નવી દિલ્હી,** ISRO અને મોસ્કોમાં રશિયાની અંતરિક્ષ એજન્સી ઈર્જર્જર્દ્વજ વચ્ચે હાલમાં ટેક્નોલોજી વિશેની ચર્ચાઓ ચાલી રહી છે. આ ચર્ચાનો મુખ્ય ટોપિક સેમી-ક્રાયોજેનિક એન્જિનોની સપ્લાય છે, જે ભારતના ભવિષ્યના હેવી-લિફ્ટ લોન્ચ વાહનો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ એન્જિનો માટેનો ડ્રાફ્ટ કોન્ટ્રેક્ટ હાલમાં ISROની વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ મુજબ મંજૂરી માટે પ્રક્રિયામાં છે. સેમી-ક્રાયોજેનિક એન્જિન ભારતના આગામી હેવી-લિફ્ટ લોન્ચ વાહનો માટે એક મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી છે. તે શુદ્ધ કેરોસિન અને લિક્વિડ ઓક્સિજનના મિશ્રણ પર ચાલે છે. હાલની સિસ્ટમ કરતાં તે વધુ કાર્યક્ષમતા અને થ્રસ્ટ ઉત્પન્ન કરે છે. આવા એન્જિનના વિકાસ અને ઉપયોગથી ભારે પેલોડ અને ડીપ-સ્પેસ મિશનો માટે ભારતની લોન્ચ ક્ષમતા વધી શકે છે. આથી આ માટે રશિયાનો સપોર્ટ ખૂબ જ જરૂરી છે.

ISRO પોતાનું સેમી-ક્રાયોજેનિક એન્જિન પર પણ કામ કરી રહ્યું છે. માર્ચ ૨૦૨૫ના નિવેદનમાં ISROએ જણાવ્યું હતું કે તે ‘‘૨૦૦૦ ાદ્વ ઊંચી થ્રસ્ટ ધરાવતા લિક્વિડ ઓક્સિજન / કેરોસિન આધારિત સેમી-ક્રાયોજેનિક એન્જિનના ડિઝાઈન અને વિકાસમાં પ્રગતિ કરી રહી છે, જે ન્ફસ્૩ લોન્ચ વાહનના સેમી-ક્રાયોજેનિક બૂસ્ટર સ્ટેજને શક્તિ આપશે.’’ આ એન્જિન ન્ફસ્૩ના બૂસ્ટર સ્ટેજને વધુ પાવરફુલ બનાવશે.

ISROનું લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટર (LPSC) સેમી-ક્રાયોજેનિક પ્રોપલ્શન એન્જિન અને સ્ટેજ વિકસાવી રહ્યું છે. 2000 kN સેમી-ક્રાયોજેનિક એન્જિન (SE2000) દ્વારા સંચાલિત જીઝ્ર૧૨૦ સ્ટેજ, પેલોડ વધારવા માટે ન્ફસ્૩ના હાલના કોર લિક્વિડ સ્ટેજ (ન્૧૧૦)ને બદલી દેશે. ભવિષ્યમાં આ લોન્ચ વાહનોના બૂસ્ટર સ્ટેજને પણ શક્તિ આપશે. ISROની સેમી-ક્રાયોજેનિક પ્રોપલ્શન સિસ્ટમ અને ન્ફસ્૩માં અપગ્રેડ કરાયેલ ક્રાયોજેનિક સ્ટેજ સાથે તેની પેલોડ ક્ષમતા ચાર ટનથી વધીને પાંચ ટન થશે. SE-2000 એન્જિનના મુખ્ય ઉપસિસ્ટમોમાં થ્રસ્ટ ચેમ્બર, પ્રી-બર્નર, ટર્બો પંપ સિસ્ટમ, કંટ્રોલ ઘટકો અને સ્ટાર્ટ-અપ સિસ્ટમનો સમાવેશ થાય છે. ISRO મુજબ, ’SE2000 એન્જિન એક જટિલ ઑક્સિડાઇઝર-રિચ સ્ટેજ્ડ કમ્બશન ચક્ર સાથે કાર્ય કરે છે, જેમાં ૧૮૦ બારનું ઉચ્ચ ચેમ્બર દબાણ અને ૩૩૫ સેકંડનું સ્પેસિફિક ઈમ્પલ્સ છે. એની પ્રોપેલન્ટ ફીડ સિસ્ટમ ૬૦૦ બાર સુધી દબાણ પૂરું પાડે છે.’

# કાળઝાળ ગરમીમાં અમદાવાદીઓ રોજ બે લાખ રૂપિયાના બરફનાં ગોળા ઝાપટી જાય છે : કોલેરાના જરાય ડર નથી







(જિતેન્દ્ર ભટ્ટ દ્વારા)

અમદાવાદ, આમ તો દર વર્ષ માર્ચ મહિનાની શરૂઆત થતાં જ અમદાવાદ સહિત રાજયભરમાં બરફની ડિમાન્ડમાં વધારો થતો જાય છે. અમદાવાદીઓને છેલ્લા બે-ત્રણ વર્ષથી બરફના ગોળા અથવા બરફની ડીશોનો આસ્વાદ લેવામાં સારી એવી પ્રગતિ કરી છે.

આખા ભારતમાં એકમાત્ર ગુજરાત અને મહારાષ્ટ્રના અમુક ભાગોમાં બરફના ગોલાઓ પ્રચલિત છે. માર્ચ મહિનાની શરૂઆત કરીને છેક નવેમ્બર મહિના સુધી આપણા રાજયના વિવિધ શહેરોમાં લોકો સાંજના સમયે બરફના ગોલાનો આસ્વાદ લેતાં જોઈ શકાય છે. અમદાવાદ શહેરમાં તો હવે લગભગ દરેક ચાર રસ્તા ઉપર બરફના ગોલાની રેંકડીઓ મોભાભેર બેરોક્ટોક નિર્ભય થઈને સ્થાન પ્રાપ્ત કરી લીધું છે આ રેંકડની આસપાસ ટોળે વળેલા અથવા લાઈન લગાવેલા ગોલા શોખીનો પરિવારોની વળેલા અથવા લાઈન લગાવેલા ગોલા શોખીનો પરિવારોને કોઈ વિદેશી પ્રવાસી જુએ તો એ સો ટકા અચંબામા પડી જાય. અમદાવાદ શહેરમાં રોજ કેટલા રૂપિયાનો બરફ વેચાય છે. હાં ઈટબેલ અથવા ખાદ્ય કહી શકાય એવા પુરા બે લાખ રૂપિયાના બરફ રોજેરોજ અમદાવાદીઓ ગળી જાય છે. આ આંકડાઓ સ્વયં શહેરની વિવિધ બરફની ફેક્ટરીઓ પાસેથી મેળવવામાં આવ્યાં છે. અમદાવાદ શહેરની અંદર કુલ ૬૦થી ૭૦ જેટલી બરફની ફેક્ટરીઓ હાલ કાર્યરત છે. જેમાંથી શિયાળામાં માત્ર ૨૦ ટકા જ ચાલુ રહે છે અને બાકીની તમામ ફેક્ટરીઓ ગ્રીષ્મ ઋતુની શરૂઆત થતાં જ ધમધમીત ઉઠે છે. દરેક ફેક્ટરી સરેરાશ ૧૦થી ૧૨ મેટ્રીક્ટન બરફ કેમિકલ ફેક્ટરીઓમાં બારોબાર જાય છે. અને બાકી તરફ ખાદ્ય પ્રયોગ લેવા માટે વેચવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં એક જમાનો એવો હતો કે છેક અમેરિકાથી બરફની પાટો આયાત થતી હતી. ૧૮૮૦ના દાયકામાં અમુક શોખીન પારસી કુટુંબો અને અંગ્રેજ અમલદારો વારે તહેવારે બરફ મંગાવતા. બેસ્ટન શહેરના મિસ્ટર ડ્યુડર મુંબઈમાં બરફ મંગાવતા. આ બરફ ક્યારેક વાયા સુરતથી ક્યારેક મુંબઈથી આવતો. બેસ્ટન શહેરના મિસ્ટર ડ્યુડર મુંબઈમાં બરફ મોકલતા ત્યાથી આ બરફ છેક અમદાવાદ સુધી આવતો. જોકે ૧૮૯૦માં મુંબઈમાં બરફ બનાવવાના કારખાનાઓ ખુલતા ગયા તે પછી છેક ૨૦ વર્ષ સુધી મુંબઈએ અમદાવાદની બરફની ડિમાન્ડને પુરી કરી હતી સને ૧૯૧૦માં અમદાવાદમાં બરફની પ્રથમ ફેક્ટરી નાંખ્યા પછી જાહેરમાં પ્રજામાં તેની બરફ માંગમાં વધારો થયો. આજે ૪૦૦ મેટ્રીક્ટન બરફ અમદાવાદીઓ આરોગે છે ત્યારે આખા ગુજરાતમાં રોજનું ડિમાન્ડ ૧૦,૦૦૦ મેટ્રીકટનની છે.

અમદાવાદ શહેરના લગભગ દરેક ચાર રસ્તાની આસપાસ સોસાયટીની પોળોના નાકે તેમજ શાળા-કોલેજની આસપાસ બરફના ગોળાવાળો ઉભો રહે છે. આજકાલ બરફની ઋતુ હોવાથી ઠંડક મેળવવા માટે અમદાવાદીઓ મોટર સાયકલ-સ્કુટર અથવા પોતાની મારૂતિ ગાડીમાં આવી પરિવાર સહિત ગોલાવાળાની આસપાસ લાઈનોમાં ઉભેલા દેખાય છે. ગોલાખાવાની અનેરી મજા છે. રૂપિયા બે-ત્રણ-પાંચ, દસ અને પચ્ચીસથી ત્રીસ રૂપિયા સુધીના (અરે... !! ૧૦૦ રૂા. સુધી ગોલાના ઊંચા ભાવ હોય છે. તેમાં વપરાતા જુદા-જુદા રંગના કલરો ક્યા કેમિકલમાંથી બને છે કોઈને કદાચ ખબર નથી. બરફની ફેક્ટરીઓમાં બનતું બરફ કયા પાણીમાંથી બનાવવામાં આવે છે. કોઈને કદાચ જાણ નથી. પાણી શુદ્ધ છે કે યુક્ત કદાચ કોર્પોરેશનના આરોગ્ય ખાતાને પણ ખબર નહીં હોય. (કદાચ ખબર હશે તો તેમના લાંચિયા અધિકારીઓ આંખ આડા કાન કરતા હશે) પરંતુ ગરમીની ઋતુમાં શહેરના સ્વાદિયાઓને કોલોરાનો ડર જરાય મ્યુનિ. આરોગ્યતંત્ર આ દિશામાં સજાગ ક્યારે બનશે. બરફના નમૂનાઓ ક્યારેક લેબોરેટરીમાં ચકાસ્યા છે ખરા...? જવાબદારી ફેક્ટરી માલિક સામે કેમ આકરા પગલાં લેતાં તંત્ર ખચકાય છે. ખાણી-પીણી સામે તંત્ર લાલ આંખ કરે છે. ત્યારે દૂષિત પાણી અને બરફના લીધે પણ ભયંકર અને જાન લેવા જેવી બિમારી ફેલાય છે. ત્યારે શાળાની આસપાસ ઉભા રહેતા બરફવાળાઓ પર લાલ આંખ જરૂરી છે. નાના બાળકો બરફ કુલ્ફી ખાઈને કાકડા જેવા રોગોથી પીડાતા હોય છે ત્યારે બરફ જેવા ખાદ્ય પદાર્થોમાં ઉપયોગ જેનો થાય છે તેની યોગ્ય તપાસ જરૂરી બને છે. આપણે જામનગરમાં પંચેશ્વર ટાવર રોડ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ રોડ, રણજીતનગર, ખંભાળીયા નાકા બહાર, ગોલાની રેંકડીઓમાં ઉનાળાની સાંજે ભીડ જેવા મળે છે.

# વસ્તીગણતરી ૨૦૨૭ હેઠળ આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં હાઉસલિસ્ટીંગ કામગીરી શરૂ થઈ

## દિલ્હીના MCD વિસ્તાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મેઘાલય અને ઝારખંડમાં સેલ્ફ-એન્યુમરેશન (SE) સુવિધા શરૂ થઈ

- **વસ્તીગણતરીમાં પ્રથમ વખત દાખલ કરવામાં આવેલી સેલ્ફ-એન્યુમરેશન સુવિધાને જનતા તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો**
- **અત્યાર સુધીમાં લગભગ ૮૨ લાખ પરિવારોએ સેલ્ફ-એન્યુમરેશન (SE) સુવિધાનો લાભ લીધો છે**
- **વસ્તીગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ એકત્રિત કરવામાં આવેલ તમામ ડેટા સખત રીતે ગોપનીય રહે છે અને તેનો ઉપયોગ ફક્ત આંકડાકીય હેતુઓ અને વિકાસ આયોજન માટે કરવામાં આવે છે**
- **સૂચિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના રહેવાસીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ હાઉસલિસ્ટીંગ કામગીરી દરમિયાન ગણતરીદારોને સંપૂર્ણ સહકાર આપે અને આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લે**

પી.આઈ.બી. અમદાવાદ

વસ્તીગણતરી ૨૦૨૭ના ફેઝ ૧ હેઠળ, હાઉસલિસ્ટીંગ અને હાઉસિંગ સેન્સસ (HLO) માટેની ફિલ્ડ કામગીરી, સૂચિત ૧૫-દિવસીય સેલ્ફ-એન્યુમરેશન ગાળાના સમાપ્તિ પછી, આજે છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એટલે કે આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં શરૂ થઈ છે. આ કવાયત ૩૦ મે, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે, જે દરમિયાન પ્રશિક્ષિત ગણતરીદારો ડેટા એકત્ર કરવા માટે ઘરે-ઘરે જઈને મુલાકાત લેશે.

વસ્તીગણતરી ૨૦૨૭ હેઠળ સેલ્ફ-એન્યુમરેશન (SE) સુવિધા પણ આજથી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) વિસ્તાર, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મેઘાલય અને ઝારખંડમાં શરૂ થઈ છે. આ ઓનલાઈન સુવિધા ૧૫ મે, ૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. આ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઘરે-ઘરે જઈને કરવામાં આવતી સંબંધિત હાઉસલિસ્ટીંગ કામગીરી ૧૬ મે થી ૧૪ જૂન, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે.

વધુમાં, બિહારમાં, સૂચિત ૧૫-દિવસીય સેલ્ફ-એન્યુમરેશન ગાળો આજે સમાપ્ત થઈ રહ્યો છે, અને ઘરે-ઘરે જઈને કરવામાં આવતી ફિલ્ડ કામગીરી ૨ મે, ૨૦૨૬ થી શરૂ થશે જે ૩૧ મે, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે.

વસ્તીગણતરી ૨૦૨૭ માં પ્રથમ વખત રજૂ કરવામાં આવેલી સેલ્ફ-એન્યુમરેશન સુવિધાને જનતા તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો છે. વસ્તીગણતરી ૨૦૨૭ માટે અપનાવવામાં આવેલા ડિજિટલ અભિગમના ભાગરૂપે, અત્યાર સુધીમાં લગભગ ૮૨ લાખ પરિવારોએ સત્તાવાર પોર્ટલ (se.census.gov.in) દ્વારા સફળતાપૂર્વક આ સુવિધાનો લાભ લીધો છે.

રહેવાસીઓને સુરક્ષિત અને યુઝર-ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા તેમની વિગતો ઓનલાઈન સબમિટ કરવા સક્ષમ બનાવવા માટે ફિલ્ડ ગણતરી પહેલા આ સુવિધા દાખલ કરવામાં આવી હતી. આ પહેલ વસ્તીગણતરી કામગીરીના ડિજિટાઈઝેશનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને અનુકૂળતા, સગવડતા અને ભાગીદારીમાં સરળતા પ્રદાન કરવા માટે તેની વ્યાપક પ્રશંસા કરવામાં આવી છે.

જે રહેવાસીઓએ સેલ્ફ-એન્યુમરેશન પૂર્ણ કર્યું છે તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના જનરેટ થયેલ સેલ્ફ-એન્યુમરેશન આઈડી (SE ID) ને સુરક્ષિત રાખે અને HLO પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ફિલ્ડ વિઝિટ દરમિયાન ગણતરીદાર સાથે તે શેર કરે. જે પરિવારોએ સેલ્ફ-એન્યુમરેશનનો વિકલ્પ પસંદ કર્યો નથી તેઓને ગણતરીદારો દ્વારા કરવામાં આવતી પ્રત્યક્ષ ઘરે-ઘરે મુલાકાત દરમિયાન આવરી લેવામાં આવશે.

વ્યાપક અને સચોટ કવરેજ સુનિશ્ચિત કરવા માટે પરંપરાગત ઘરે-ઘરે ગણતરીના માળખાને જાળવી રાખીને, વસ્તીગણતરી પ્રથમ વખત ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવી રહી છે. ફિલ્ડ વિઝિટ દરમિયાન, ગણતરીદારો ઉચ્ચ ચોકસાઈ અને ઝડપી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ રીતે ડેટા એકત્રિત કરવા માટે સમર્પિત મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરશે.

હાઉસલિસ્ટીંગ અને હાઉસિંગ સેન્સસ તબક્કા દરમિયાન, આવાસની સ્થિતિ, ઘરગથ્થુ વિગતો, ઉપલબ્ધ સુવિધાઓ અને પરિવારો પાસે રહેલી મિલકતો સંબંધિત માહિતી ૩૩ સૂચિત પ્રશ્નો ધરાવતા માળખાગત પ્રશ્નાવલિ દ્વારા એકત્રિત કરવામાં આવશે. આ તબક્કો વસ્તીગણતરી ૨૦૨૭ ના અનુગામી પોપ્યુલેશન એન્યુમરેશન (વસ્તી ગણતરી) તબક્કા માટે પાયાનું કામ પણ કરશે.

સેલ્ફ-એન્યુમરેશન સુવિધા હાલમાં સૂચિત સમયપત્રક મુજબ તેલંગાણા અને પંજાબમાં ચાલી રહી છે.

દરમિયાન, હાઉસલિસ્ટીંગ અને હાઉસિંગ સેન્સસ હેઠળની ફિલ્ડ કામગીરી હાલમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, ગોવા, કર્ણાટક, લક્ષદ્વીપ, મિઝોરમ, ઓડિશા, સિક્કિમ અને ઉત્તરાખંડમાં, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં દ્ઘ્ઢસ્ઝ વિસ્તાર અને દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડની સાથે ચાલી રહી છે.

# લાઈવ ઈવેન્ટ્સ ડેવલપમેન્ટ સેલની ચોથી બેઠકમાં ભારતને લાઈવ ઈવેન્ટ્સ માટે વૈશ્વિક હબ તરીકે સ્થાપિત કરવાના રોડમેપની સમીક્ષા કરવામાં આવી

## લાઈવ ઈવેન્ટ્સ સેક્ટર રોજગાર, પ્રવાસન અને સંલગ્ન ક્ષેત્રોમાં આર્થિક ગુણકના મુખ્ય ચાલક બનવા માટે તૈયાર છે

પી.આઈ.બી. અમદાવાદ

લાઈવ ઈવેન્ટ્સ ડેવલપમેન્ટ સેલ (LEDC) ની ચોથી બેઠક ૩૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ વિજ્ઞાન ભવન ખાતે માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB) ના સચિવ શ્રી ચંચલ કુમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ૯ કેન્દ્રીય મંત્રાલયો, ૬ રાજ્યોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગના ૧૨ સભ્યોએ હાજરી આપી હતી.

ભારતનું સંગઠિત લાઈવ ઈવેન્ટ્સ સેક્ટર, જે ઉદ્યોગના અંદાજ મુજબ ૨૦૨૫ માં ૧૪૫ અબજ મૂલ્યનું હતું, તે મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં સૌથી વધુ વૃદ્ધિ પામતા સેગમેન્ટ તરીકે ઉભરી આવ્યું છે. આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે, માહિતી અને પ્રસારણ મંત્રાલયે જુલાઈ ૨૦૨૫માં માહિતી અને પ્રસારણ સચિવના અધ્યક્ષપદ હેઠળ લાઈવ ઈવેન્ટ્સ ડેવલપમેન્ટ સેલ (LEDC) ની સ્થાપના કરી છે. તેમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, ઉદ્યોગ સંસ્થાઓ અને અન્ય હિતધારકોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

LEDC નો ઉદ્દેશ્ય કોન્સર્ટ ઈકોનોમીને રાષ્ટ્રીય વૃદ્ધિના મુખ્ય ચાલકોમાંના એક તરીકે સ્થાન આપવાનો અને ૨૦૩૦ સુધીમાં ભારતને લાઈવ ઈવેન્ટ્સ માટે વૈશ્વિક હબ બનાવવાનો અને આ ક્ષેત્રમાં ૧૫-૨૦ મિલિયન વધારાની નોકરીઓ પેદા કરવાનો છે. આ ક્ષેત્ર ૨૦૨૮ સુધીમાં ૧૦% ના દરે વધીને ૧૯૬ અબજ થવાની ધારણા છે. બેઠક દરમિયાન, સચિવ (MIB) એ ભારતના લાઈવ ઈવેન્ટ્સ ઉદ્યોગના વિકાસ માટે સંકલિત રોડમેપ બનાવવા માટે LEDC ની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે લાઈવ ઈવેન્ટ્સ સેક્ટર એ મીડિયા અને મનોરંજન ઉદ્યોગના સૌથી ઝડપથી વિકસતા સેગમેન્ટ્સમાંનું એક છે, જે રોજગાર નિર્માણ, પ્રવાસન પ્રોત્સાહન અને સંલગ્ન ક્ષેત્રોમાં આર્થિક ગુણકમાં નોંધપાત્ર ફાળો આપે છે.

LEDC દ્વારા લેવામાં આવેલી વિવિધ પહેલોની પ્રગતિ સંયુક્ત સચિવ (બ્રોડકાસ્ટિંગ), MIB, શ્રી પૃથુલ કુમાર દ્વારા રજૂ કરવામાં આવી હતી. જાણકારી આપવામાં આવી હતી કે લાઈવ ઈવેન્ટ પરવાનગીઓ માટે સિંગલ-વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ, ઈન્ડિયા સિને હબ (ICH) પોર્ટલ પર વિકસાવવામાં આવી છે. રાજ્યો દ્વારા ICH પોર્ટલ અપનાવવાથી લાઈવ ઈવેન્ટ પરવાનગી પ્રક્રિયાને ડિજિટલાઈઝ કરવામાં મદદ મળશે અને સમયસર, પારદર્શક અને કાર્યક્ષમ મંજૂરીઓ સુનિશ્ચિત થશે.

વધુમાં, ‘‘ભારતમાં લાઈવ ઈવેન્ટ્સ માટે લાયસન્સિંગ અને પરવાનગીઓને સુવ્યવસ્થિત કરવા માટે મોડેલ એક્ઝિક્યુટિવ ઓર્ડર, ૨૦૨૬’’ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેના માટે ૩૧ મે ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, જે ૧૩ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે શેર કરવામાં આવી હતી. આ માળખાનો ઉદ્દેશ્ય ભારતમાં લાઈવ ઈવેન્ટ્સ ઉદ્યોગ માટે એક સરળ અને પ્રમાણિત નિયમનકારી પ્રણાલી સ્થાપિત કરવાનો છે.

LEDC એ ‘‘ગ્રીનફિલ્ડ વેન્યુ ડેવલપમેન્ટ’’ (નવા સ્થળોનો વિકાસ) અને લાઈવ ઈવેન્ટ્સ સેગમેન્ટ માટે કૌશલ્ય પહેલ પર ડ્રાફ્ટ કન્સેપ્ટ નોટ પર પણ ચર્ચા કરી હતી. માહિતી આપવામાં આવી હતી કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC), MESC અને EEMA ના સહયોગથી ટૂંક સમયમાં લાઈવ ઈવેન્ટ્સમાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કરશે.

આ કાર્યક્રમમાં બોલતા, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી ચંચલ કુમારે જણાવ્યું હતું કે, ‘‘કેન્દ્ર અને રાજ્ય બંને સરકાર વતી, હું ખાતરી આપું છું કે લાઈવ ઈવેન્ટ્સના આયોજન માટેની પ્રક્રિયાઓને મજબૂત અને પારદર્શક બનાવવા માટે તમામ જરૂરી સુવિધાઓ આપવામાં આવશે.’’ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ‘‘LEDC ના તમામ સભ્યોના હેતુમાં સંપૂર્ણ સુમેળ છે, હવે ધ્યાન અસરકારક અમલીકરણ પર હોવું જોઈએ.’’


**SMFG Grihashakti** Nayi Asha. Naya Vishwas.

**એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસ : ૫૦૩ અને ૫૦૪, પાંચમો માળ, જી-બ્લોક ઈન્સીપ્રે, બીકેસી, બીકેસી, મેઈન રોડ, બાંદ્રા, કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ- ૪૦૦૦૫૧. રજિસ્ટર્ડ. ઓફિસ : કોમર્સઝોન આઈટી પાર્ક, ટાવર બી, પહેલો માળ, નં.૧૧૧, માઉન્ટ પુનમાલ્લી રોડ, પોરુર, ચેન્નાઈ- ૬૦૦૧૧૬, તામિલનાડુ.

**સ્થાવર મિલકત માટે ( પરિશિષ્ઠ -૪)ના નિયમ ૮(૧) હેઠળ કબ્જા નોટીસ**

જ્યારે નીચે સહી કરનાર એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના અધિકૃત અધિકારી છે. આ હાઉસિંગ ફાઈનાન્સ કંપની (નેશનલ હાઉસિંગ બેંક (આરબીઆઈ દ્વારા સંપૂર્ણ માલિકીની) માં યોગ્ય રીતે નોંધાયેલ છે) (ત્યારબાદ ‘એસએમએચએફસી’તરીકે ઓળખવામાં આવે છે) સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ૫૪) હેઠળ, અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૨) હેઠળ નીચે ઉલ્લેખિત તારીખે માંગ નોટિસ જારી કરવામાં આવી છે જેમાં તમને ઉધાર લેનારાઓ (નીચે ઉલ્લેખિત નામો) તરીકે ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. નીચે ઉલ્લેખિત દેવાદારોએ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેવાથી, નીચે ઉલ્લેખિત દેવાદારો અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચેલા કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) હેઠળ મને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લીધો છે. ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર પર અહીં ઉલ્લેખિત રકમ અને તેના પરના વ્યાજ માટે ‘એસએમએચએફસી’ ના ચાર્જ લાગશે.

| ક્ર. સં. | કરજદાર(રો)/જામીનદાર(રો)નું નામ અને લોન એકાઉન્ટ નંબર | આરક્ષિત મિલકત (સ્થાવર મિલકત)ની વિગત | માંગણા નોટીસની તારીખ અને રકમ | કબ્જાની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | લેન:- ૬૦૦૧૩૯૨૧૧૪૧૪૬૭૭ ૧. મનોજભાઈ લાલનભાઈ ઠાકુર ૨. કવિતાબેન ઠાકોર | સ્થાવર બાંધકામ મિલકતના તમામ ભાગ અને હિસ્સો, જે ‘શ્રી હરિ કૃષ્ણા રેસીડેન્સી’ સ્કીમમાં એક યુનિટ નં. એલ/૫૦૩, ૮૭.૭૯ ચોરસ મીટર (સુપર બિલ્ટ અપ) નો સુપર બિલ્ટ અપ વિસ્તાર ધરાવે છે, જે બિન-ખેતી જમીન ધરાવતા સર્વે નં. ૧૧૫૨ અને ૧૧૫૩ પર બાંધવામાં આવે છે, ટી. પી. સ્કીમ નં. ૮૭ (વટવા-વિંઝોલ), એફ. પી. નં. ૫૩, ૨૯.૩૯ ચોરસ મીટર અવિભાજિત શેર પર સ્થિત છે અને નોંધણી જિલ્લા અમદાવાદ અને પેટા જિલ્લા અમદાવાદ-૫ (નારોલ) માં મૌજે વટવા, તાલુકા વટવા ખાતે સ્થિત છે. સીમા : પૂર્વઃ ફ્લેટ નં. એલ/૫૦૪, પશ્ચિમઃ ફ્લેટ એલ/૫૦૬, ઉત્તરઃ ઓટીએસ, દક્ષિણઃ ફ્લેટ નં. એલ/૫૦૨ સાથે સીમા ધરાવે છે. | 20.02.2026 Rs.18,78,093.19 (Rs.Eighteen Lakh Seventy Eight Thousand Ninety Three & Paise Nineteen Only) as on 10.02.2026 | 02.05.2026 |
| ૨. | લેન :- ૬૦૦૧૩૯૫૧૦૭૬૧૬૨૫ ૧. પ્રદીપભાઈ નારણદાસભાઈ અલવાણી ૨. ગાયત્રી પ્રદીપ અલવાણી ૩. મનીષ શૂ પ્રોપરાઈટર શિપ ફર્મ | સ્થાવર રહેણાંક મિલકતનો તમામ હક, માલિકી અને હિત જે મૌજે/ગામની જમીન પર સ્થિત ‘સુપર ફ્લેટ’ (મ્યુનિસિપલ ટેક્સ બિલ મુજબ) તરીકે ઓળખાતી સ્કીમમાં લગભગ ૩૬.૧૦ ચોરસ મીટરની અવિભાજિત જમીન સાથે બીજા માળે ૪૩.૨૮ ચોરસ મીટરનો ફ્લેટ નં. ૬ વધુ ચોક્કસ જમીન પર સ્થિત છે. મૌજે/ગામઃ ખોખરાની ટીપી સ્કીમ નં. ૨૪ ના અંતિમ પ્લોટ નં. ૨૩૨ પાયકી મૌજે/ગામઃ ખોખરા તાલુકોઃ મહેમદાવાદ, પેટા જિલ્લો, અને જિલ્લોઃ અમદાવાદ, સીમા - પૂર્વઃ ૨૦ ફૂટ રોડ, પશ્ચિમઃ સીમાવાળી મિલકત સર્વે નં. ૩૨૩ હિસ્સા નં. ૧ પ્લોટ નં. ૪, ઉત્તરઃ સર્વે નં. ૩૨૩ હિસ્સા નં. ૧ પ્લોટ નં. ૮ ની મિલકત, દક્ષિણઃ સર્વે નં. ૩૨૩ હિસ્સા નં. ૧ પ્લોટ નં. ૬ ની મિલકત. | 16.01.2026 Rs. 8,94,193.27/- (Rs. Eight Lakh Ninety Four Thousand One Hundred Ninety Three & Paise Twenty Seven Only) as on 08.01.2026 | 02.05.2026 |

સ્થળ : અમદાવાદ, ગુજરાત
તારીખ : ૦૨.૦૫.૨૦૨૬

સહી/- અધિકૃત અધિકારી, એસએમએફજી ઈન્ડિયા હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ



BAJAJ FINANCE

**બજાજ ફાઇનાન્સ લિમિટેડ**

**નોંધાયેલ કાર્યાલય:** બજાજ ઓટો લિમિટેડ કોમ્પ્લેક્સ, મુંબઈ - પુણે રોડ, આકુર્ડી, પુણે - ૪૧૧૦૩૫. **શાખા કાર્યાલય:** બજાજ ફાઇનાન્સ લિમિટેડ, ત્રીજો માળ, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર,મધુબન સર્કલ પાસે, સુભાષ ચંદ્ર બોઝ માર્ગ, સુરત, ગુજરાત, 395009, **અધિકૃત અધિકારીની વિગતો:** નામ: શ્રી વિશાલ રાઠોડ, ઈમેલ આઈડી: vishal.rathod10@bajajfinserv.in, મોબ નંબર 7043560149.

**પરિશિષ્ટ- IV-A [નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ]**
**SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ ઈ-ઓક્શન વેચાણ સૂચના**

નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, 2002 ("ACT") હેઠળ સ્થાવર સંપત્તિનું વેચાણ
બજાજ ફાઇનાન્સ લિમિટેડ ("BFL") સાથે ગીરો મુકેલી નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિના સંદર્ભમાં, અને જેનો કબજો BFL ના અધિકૃત અધિકારી દ્વારા કાયદાની જોગવાઈઓ હેઠળ લેવામાં આવ્યો હતો, તેને હરાજી દ્વારા વેચવામાં આવશે, જે અહીં ઉલ્લેખિત રકમ અને વધુ લાગુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરેની વસૂલાત માટે વેચવામાં આવશે.
નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિ સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો ("નિયમો") ના નિયમ નં. 8 અને 9 હેઠળ "જેમ છે ત્યાં છે, જેમ છે જે છે અને જે કંઈ છે" પર નીચે મુજબ વિગતવાર બાકી રકમની વસૂલાત માટે વેચવામાં આવી રહી છે: **ઇ-હરાજીની વિગતો**

| | |
|---|---|
| ઋણ લેનાર અને સહ-ઋણ લેનારાઓનું નામ અને સરનામું | **હરેશભાઈ લાલજીભાઈ કથીરીયા (ઉધાર લેનાર) દિપ્તીબેન હરેશભાઈ પટેલ (સહ ઉધાર લેનાર), બંને** - ૫૯, અશ્વિન સોસાયટી, ખોડિયારનગર, વરાછા, સુરત - ૩૯૫૦૦૬ |
| લોન એકાઉન્ટ નંબર | 428LAP16374454 |
| કલમ ૧૩(૨) તારીખ અને રકમ હેઠળ વૈધાનિક માંગ સૂચના | ૧૪-નવેમ્બર-૨૩ ની નોટિસ માંગ રકમ ₹.૬૪,૬૧,૭૯૯/- |
| ૩૦.૦૪.૨૦૨૬ ના રોજ બાકી રકમ | ૩૦/૦૪/૨૬ ના રોજ ₹.૧,૧૮,૧૦,૦૪૮.૩૭/- (રૂપિયા એક કરોડ અઢાર લાખ દસ હજાર અડતાલીસ અને સાડત્રીસ પૈસા માત્ર) |
| સ્થાવર મિલકતનું વર્ણન | તમામ ભાગ અને હિસ્સા સાથે ની મિલકત ની દુકાન નં. ૧, ૨૫.૪૨ ચોરસ મીટરનો વિસ્તાર, ગ્રાઉન્ડ ફ્લોર, બિલ્ડીંગ નં. બી/૨, સ્ટાર ગેલેક્સી તરીકે ઓળખાતો કેમ્પસ, બિન-કૃષિ જમીન પર બનેલ, સર્વે નં. ૧૩૫૯, બ્લોક નં. ૧૩૧૬, પ્રારંભિક ટી. પી. યોજના નં. ૩૬ (વરીવાવ), ઓ. પી. નં. ૫૬, અંતિમ પ્લોટ નં. ૫૪, ગામ વરીવાવ, સબ ડિસ્ટ્રિક્ટ અડાજણ, જિલ્લો સુરત. |
| INR માં રિઝર્વ કિંમત | ₹ ૧૪,૪૦,૦૦૦/- |
| ઇએમડી | ₹ ૧,૪૪,૦૦૦/- |
| ઈ-હરાજીની તારીખ અને સમય | ૨૯/૦૫/૨૬ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી |
| ઈ-ઓક્શન પોર્ટલ | https://bankauctions.in |
| EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | ૨૮/૦૫/૨૬ |
| બિડ વધારો રકમ રૂ. | ₹ ૨૫,૦૦૦/- |
| સુરક્ષિત લેણદારને જાણીતો બોજો | જાણીતું નથી |
| મિલકતના નિરીક્ષણની તારીખ | ૧૧/૦૫/૨૬ થી ૨૮/૦૫/૨૬ સુધી કામકાજના દિવસે સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી અગાઉથી એપોઇન્ટમેન્ટ સાથે |

સામાન્ય જનતા અને ખાસ કરીને દેવાદારોએ કૃપા કરીને નોંધ લો કે જો અહીં નિર્ધારિત તારીખે હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય છે, તો સુરક્ષિત લેણદાર ખાનગી સંધિ દ્વારા વેચાણ દ્વારા સિક્યોરિટી હિત લાગુ કરી શકે છે, સુરક્ષિત લેણદારની વિવેકબુદ્ધિથી. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://bankauctions.in અને https://www.bajajfinserv.in/sarfaesi-auction-notices લિંકનો સંદર્ભ લો.

**તારીખ - ૦૭/૦૫/૨૬, સ્થળ - સુરત** **અધિકૃત અધિકારી, મેસર્સ બજાજ ફાઇનાન્સ લિમિટેડ માટે**

# ગુજરાત સ્થાપના દિવસ સંસ્કાર-સમૃદ્ધિના સંગમથી 'ગ્લોબલ ગ્રોથ એન્જિન' તરીકે ઉભરતું આધુનિક અને સમર્થ ગુજરાત





- ગુજરાતની માથાદીઠ આવક પ્રથમવાર રૂ. ૩ લાખને પાર: રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકા વધુ
- દેશના કુલ નિકાસમાં ૨૬ ટકા સાથે ગુજરાત પ્રથમ: જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા યોગદાન
- ભારતના ૪૦ ટકા કાર્ગોનું ગુજરાતના અત્યાધુનિક પોર્ટ્સ દ્વારા હેન્ડલીંગ
- દેશના કેમિકલ ઉદ્યોગમાં ૩૩ ટકા હિસ્સા સાથે ગુજરાત અગ્રેસર
- ગુજરાત પરંપરાગત ઉદ્યોગોની સાથે 'સેમીકન્ડક્ટર' અને ગ્લોબલ 'ફિનટેક'નું પણ કેન્દ્ર બન્યું

ગાંધીનગર એચ.ઓ

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. ૧લી મે, ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઈથી અલગ થયેલું ગુજરાત આજે માત્ર ભારતનું એક રાજ્ય નથી, પરંતુ વિશ્વના નકશા પર 'મોડેલ ઓફ ડેવલપમેન્ટ સ્ટેટ' બનીને ઉભર્યું છે. જે રાજ્ય પાસે દેશની માત્ર ૫ ટકા વસ્તી અને ૬ ટકા જમીન છે, તે આજે દેશના અર્થતંત્રનો ધબકાર બનીને દેશની GDPમાં ૮.૩ ટકા યોગદાન આપી રહ્યું છે. ગુજરાત આજે ભારતની અર્થવ્યવસ્થાની મજબૂત કરોડરજ્જુ બન્યુ છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા હિસ્સો રાજયની મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષમતા દર્શાવે છે. દેશની કુલ નિકાસમાં ૨૬ ટકા હિસ્સો એકલું ગુજરાત ધરાવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧માં વિકાસનો પાયો નાંખ્યો અને છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ, પ્રોએક્ટીવ પોલીસી નિર્માણ તેમજ જન ભાગીદારી થકી રાજ્યમાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત વિકાસના નવા અધ્યાય થકી વિવિધ ક્ષેત્રે દેશભરમાં અગ્રેસર રહ્યું છે.

ગુજરાતની પ્રગતિ હવે માત્ર વાતોમાં નહીં, પણ આંકડાઓમાં બોલે છે. ગુજરાતના છેલ્લા બે દાયકાની વિકાસયાત્રા પર નજર કરીએ તો કુશળ નાણાકીય વ્યવસ્થાપન અને પ્રો-બિઝનેસ નીતિઓના પરિણામે ગુજરાતની માથાદીઠ આવક ઈતિહાસમાં પ્રથમવાર રૂ. ૩ લાખને પાર કરી ગઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦ ટકા વધુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતનો સરેરાશ વિકાસ દર ૧૧.૪ ટકા રહ્યો છે, જે ભારતની સરેરાશ કરતા વધુ છે. ગુજરાત આજે ભારતની અર્થવ્યવસ્થાની મજબૂત કરોડરજ્જુ બન્યું છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯ ટકા હિસ્સો રાજ્યની મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષમતા દર્શાવે છે. દેશની કુલ નિકાસમાં ૨૬ ટકા હિસ્સો એકલું ગુજરાત ધરાવે છે. માત્ર જમીન માર્ગે જ નહીં, પણ સમુદ્રી વ્યાપારમાં પણ ગુજરાતનું પ્રભુત્વ અજોડ છે. ભારતનો ૪૦ ટકા જેટલો વિશાળ કાર્ગો ગુજરાતના અત્યાધુનિક પોર્ટ્સ દ્વારા હેન્ડલ કરવામાં આવે છે. આ આંકડા સાબિત કરે છે કે વૈશ્વિક વ્યાપાર માટે ગુજરાત એ ભારતનું સૌથી મહત્વનું પ્રવેશદ્વાર છે.

કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે ગુજરાત વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. દેશના કેમિકલ ઉદ્યોગમાં ૩૩ ટકા હિસ્સા સાથે ગુજરાત અગ્રેસર છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતે ૮.૪૨ ટકાનો વાસ્તવિક વૃદ્ધિ દર જાળવી રાખીને સાબિત કર્યું છે કે તે મોટા અર્થતંત્રોમાં સૌથી ઝડપથી વિકાસ પામતું રાજ્ય છે. કૃષિથી લઈને ફિનટેક સુધીના દરેક ક્ષેત્રમાં ગુજરાતે સમતોલ વિકાસ સાધીને 'વિકસિત ભારત' માટેનો સાચો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

'સોમનાથ સ્વાભિમાન' જેવા આસ્થા સાથે જોડાયેલા પર્વથી ગુજરાતે પોતાની ધરોહર જાળવવાની સાથે 'ઈ-ગ્રામ'થી લઈને 'સેવા સેતુ' જેવા અભિયાન થકી ટેકનોલોજીને ગુજરાતના છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડી છે. જેના થકી ગુજરાતે વહીવટને પેપરલેસ બનાવી નાગરીકોની સેવાઓને આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવી છે.

ગુજરાત હવે પરંપરાગત ઉદ્યોગોની સાથે 'સેમીકન્ડક્ટર' અને ગ્લોબલ 'ફિનટેક'નું પણ કેન્દ્ર બન્યું છે. ગુજરાત એ ભૂમિ છે જયાં સોમનાથ અને દ્વારકાનું આધ્યાત્મિક તેજ પણ છે તેમજ ગિફ્ટ સિટી-ધોલેરા સ્માર્ટ સિટી જેવું આધુનિક વિઝન પણ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, રણોત્સવ, રામસર સાઈટ, નડા બેટ અને હેરિટેજ સિટી અમદાવાદ પ્રવાસન ક્ષેત્રે નવા કીર્તિમાન સ્થાપી રહ્યા છે. હવે રાજ્યના એવા મહત્વના પ્રોજેક્ટ્સ પર નજર કરીએ જે ગુજરાતના ભવિષ્યને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છે. સિંધુ ખીણની સભ્યતાનું પ્રતિક એવુ સૌથી જૂનું બંદર લોથલ ખાતે વિશ્વકક્ષાના 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ'નું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની રવાન્ડાના ભારત સ્થિત હાઈ કમિશનર સુશ્રી જેકલીન મુકાંગીરા સાથે મુલાકાત

## રવાન્ડા અને ગુજરાત વચ્ચે સાંસ્કૃતિક અને પીપલ-ટુ-પીપલ કનેકટ વધુ સ્ટ્રોંગ છે: રવાન્ડાના સુશ્રી જેકલીન મુકાંગિરા

ગાંધીનગર એચ.ઓ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં દક્ષિણ ગુજરાત ઝોનની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા રવાન્ડા દેશના ભારત સ્થિત હાઈ કમિશનર સુશ્રી જેકલીન મુકાંગિરા સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

ભારત, ગુજરાત અને રવાન્ડાના દ્વિપક્ષીય આર્થિક સહકારને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ પર આ બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન રવાન્ડાના ભારત સ્થિત હાઈ કમીશનર મહામહિમ સુશ્રી જેકલીન મુકાંગિરાએ વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC)ની સફળતા બદલ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, રવાન્ડા ભારતનો મહત્વપૂર્ણ ભાગીદાર દેશ છે. આ દ્વિપક્ષીય સંબંધોના કારણે ગુજરાત અને રવાન્ડા વચ્ચે સક્રિય વેપાર સંબંધો પણ વિકસ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, રવાન્ડા ભારતમાંથી ટેક્સટાઈલ, મસાલા અને ખાંડ જેવા ઉત્પાદનો આયાત કરે છે. રવાન્ડામાં કાર્યરત ભારતીય ઉદ્યોગોમાં મોટાભાગના વ્યવસાયો ગુજરાતીઓ દ્વારા સંચાલિત હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે બંને પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક અને પીપલ-ટુ-પીપલ કનેકટ પણ વધુ સ્ટ્રોંગ થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનું પ્રતિનિધિમંડળ રવાન્ડાની મુલાકાત લઈને બંને પ્રદેશોના પરસ્પર સહકારને વધુ વિસ્તૃત કરવાના નવી તકો અંગે વિચારણા કરે.

VGRCમાં રવાન્ડા પણ પાર્ટનર કન્ટ્રી છે તે માટે આભાર વ્યક્ત કર્યો અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭માં ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું હતું. આ મુલાકત વેળાએ મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવશ્રી ડૉ. વિક્રાંત પાંડે, ઉર્જા વિભાગના અગ્ર સચિવ, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી ડૉ. અજય કુમાર તેમજ રવાન્ડાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.




### સુરત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં હસ્તકલાનો દબદબો

# સુરતની રિજનલ કોન્ફરન્સમાં રાજ્ય એવોર્ડ વિજેતા કારીગરની 'સુજની વણાટ' કલા આકર્ષણનું કેન્દ્ર

### સરકાર દ્વારા વિવિધ પ્રદર્શનો અને મંચ પૂરા પાડવામાં આવતા, લુપ્ત થતી 'સુજની' કળાને નવજીવન મળ્યું છે - મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલા

ગાંધીનગર એચ.ઓ

સુરત ખાતે આયોજિત 'વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૬' અંતર્ગત વિવિધ હસ્તકલા અને ઉદ્યોગોના પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજ્યના હસ્તકલા વારસાને ઉજાગર કરવાના ભાગરૂપે ભરૂચની લુપ્ત થતી 'સુજની' કળાના પ્રદર્શનને વિશેષ સ્થાન મળ્યું છે.

આ અવસરે સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા મંચની સરાહના કરતા કારીગર મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલાએ જણાવ્યું હતું કે, સરકારના સતત સહયોગથી જ આ કળાને નવજીવન મળ્યું છે.

ભરૂચના રહેવાસી મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલા વર્ષોથી ભરૂચની આગવી ઓળખ સમાન 'સુજની વણાટ' કલા સાથે જોડાયેલા છે. માધ્યમો સાથેના સંવાદમાં તેઓએ જણાવ્યું કે, "અમે ભરૂચની એ ઐતિહાસિક અને પરંપરાગત સુજની વણાટનું કામ કરીએ છીએ, જે આજે કાળક્રમે લુપ્ત થતી જતી કળા ગણાય છે. આ લુપ્ત થતી કલાને જીવંત રાખવા બદલ વર્ષ ૨૦૨૧માં 'હાથશાળ-હસ્તકલા રાજ્ય એવોર્ડ' માટે શ્રેષ્ઠ કારીગર તરીકે અમારી પસંદગી કરવામાં આવી હતી, જ્યાં ગુજરાત સરકાર દ્વારા અમને સન્માનિત કરાયા હતા.

લુપ્ત થતી કળાઓને બચાવવા માટે સરકાર દ્વારા સતત પ્રોત્સાહન મળી રહ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત જેવા પ્લેટફોર્મ અને બીટુબી (બિઝનેસ ટુ બિઝનેસ) માધ્યમથી આ હસ્તકલાને નવા બજારો અને અનેક નવા ગ્રાહકો મળી રહ્યા છે, જે કારીગરો માટે આશાનું કિરણ છે. અમને સરકાર દ્વારા વિવિધ એક્ઝિબિશન અને મંચ પ્રદાન કરવામાં આવે છે. આ કળાના સંરક્ષણ અને કારીગરોના ઉત્થાન માટે તેમણે 'રેવા સુજની' નામની કો-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી છે, જેના માધ્યમથી તેઓ આ કલાને જન-જન સુધી પહોંચાડી રહ્યા છે, અને આ જ માધ્યમથી તેઓ વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના મંચ સુધી પહોંચ્યા છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ દિવસે સુરતમાં નારી શક્તિ વંદન સેમિનાર યોજાયો

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રનિર્માણના સ્તંભ તરીકે મહિલાઓ પર ભાર મૂક્યો, સશક્તિકરણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

ગાંધીનગર એચ.ઓ

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના પ્રથમ દિવસે સુરતમાં "શક્તિ સંગમ: ગુજરાત વિકાસ ભારતના વિકાસ એન્જિન તરીકે" થીમ હેઠળ 'નારી શક્તિ વંદન' સેમિનાર યોજાયો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર તથા રવાંડા દેશની ભારત સ્થિત હાઈ કમિશનર, માનનીય સુશ્રી જૅકલિન મુકાંગિરા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓને શક્તિનો સ્ત્રોત માનવામાં આવે છે અને રાષ્ટ્રનિર્માણમાં તેમનું યોગદાન અનિવાર્ય છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ મહિલાઓને સમાન તકો અને સશક્તિકરણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ૫૦ ટકા અને વિધાનસભા તથા લોકસભામાં ૩૩ ટકા અનામતની વ્યવસ્થા મહિલાઓને નેતૃત્વમાં આગળ લાવે છે. રાજ્ય સરકાર શિક્ષણ, રોજગાર,

### મહિલા-નેતૃત્વ વિકાસ મજબૂત પરિવારો અને વિકસિત ભારતને આગળ ધપાવે છે: મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ, ડૉ. જયંતિ રવિ

સ્વરોજગાર અને આરોગ્ય ક્ષેત્રે વિવિધ યોજનાઓ દ્વારા મહિલાઓને સશક્ત બનાવી રહી છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું કે દેશ મહિલા વિકાસથી મહિલા-નેતૃત્વ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે, જ્યાં મહિલાઓ માત્ર લાભાર્થી નહીં પરંતુ વિકાસના મુખ્ય પ્રેરક બની રહી છે. તેમણે કન્યા કેળવણી અભિયાનના સફળ અમલથી શિક્ષણ ક્ષેત્રે થયેલા સુધારાઓનો ઉલ્લેખ કર્યો અને મહિલાઓની આર્થિક તથા સામાજિક સશક્તિકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો. દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના મહિલા સેલની અધ્યક્ષા શ્રીમતી અંકિતા વાલંદે જણાવ્યું કે આ પરિષદ ગુજરાતને વૈશ્વિક ઔદ્યોગિક શક્તિ તરીકે મજબૂત બનાવવાનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. તેમણે કાપડ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફાર્માસ્યુટિકલ્સ અને ફાઈનાન્સ જેવા ક્ષેત્રોમાં મહિલાઓના વધતા ઉદ્યોગસાહસિક યોગદાનને રેખાંકિત કર્યું. સેમિનાર દરમિયાન 'શક્તિ સંગમ' વિષય પર યોજાયેલી પેનલ ચર્ચામાં સુરક્ષા, સમાજ સેવા, ઉદ્યોગસાહસિકતા અને શાસનમાં મહિલાઓની ભૂમિકાનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો. બીજી પેનલ ચર્ચામાં "સુરતમાં નારી શક્તિ: વિકસિત સુરતથી વિકસિત ભારત" વિષય હેઠળ એ.આઈ, ડિજિટલ ઈકોસિસ્ટમ, ડ્રોન ટેકનોલોજી અને નવીનતા ક્ષેત્રે મહિલાઓના યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો.

### 'ગુજરાત ગૌરવ દિવસ'ની રાજ્ય કક્ષાની ઉજવણી: ૨૦૨૬- સુરત

# સુરતના Y જંકશન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય પોલીસ પરેડ યોજાઈ: પરેડને સલામી આપી પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

### ૧૮ પ્લાટુનના ૭૫૦ થી વધુ જવાનોની આ ઐતિહાસિક પોલીસ પરેડ શહેરીજનો માટે યાદગાર સંભારણું બની






ગાંધીનગર એચ.ઓ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં સુરતના આંગણે તા. ૧લી મે ના રોજ ૬૬ માં 'ગુજરાત ગૌરવ દિવસ'ની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

- ગુજરાતની વિકાસગાથા વર્ણવતા વિવિધ વિભાગના આકર્ષક ટેબ્લો અને બહાદુર જવાનોના દિલધડક મોટરસાયકલના સ્ટંટે સૌનું દિલ જીતી લીધું
- વિશ્વ સાંસ્કૃતિક ધરોહર ગરબા અને ગુજરાતના ગૌરવ સમાન આદિવાસી નૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમને સૌએ મનભરી માણ્યા
- "જય જય ગરવી ગુજરાત" અને "ભારત માતા કી જય"ના ગગનભેદી નારા સાથે સુરતીઓ દેશભક્તિના રંગે રંગાયા



આ ગૌરવશાળી અવસરને યાદગાર બનાવવા માટે સાંજે ૭:૦૦ વાગ્યે સુરતના Y જંકશનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી વિવિધ પ્લાટુન અને ટેબ્લો સાથેની એક શિસ્તબદ્ધ ભવ્ય અને ઐતિહાસિક પરેડને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સલામી આપી પ્રસ્થાન કરાવી હતી. કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સાહસ, સેવા અને શોર્યને સમર્પિત ગુજરાત પોલીસની ૧૮ પ્લાટુનના ૭૫૦ થી વધુ જવાનોની ઐતિહાસિક પરેડની સાથે ગુજરાતની વિકાસ ગાથા વર્ણવતા વિવિધ વિભાગના આકર્ષક ટેબ્લો અને બહાદુર જવાનોના દિલધડક મોટરસાયકલના સ્ટંટે સૌનું દિલ જીતી લીધું હતું. પોલીસના ઉત્સાહ અને આંનદને વર્ણવતી હર્ષ ધ્વનિ કરવામાં આવી હતી. પરેડ કમાન્ડર તરીકે આઈપીએસ ઓફિસરશ્રી ડો. નવીન ચક્રવતીએ નેતૃત્વ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી સહિત સૌએ રાષ્ટ્રગીત "વંદે માતરમ"નું સમૂહગાન કર્યું હતું.

વિશ્વ ધરોહર ગરબા અને ગુજરાતના ગૌરવ સમાન આદિવાસી નૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમને સૌએ મનભરી માણ્યા હતા.

તાળીઓના ગડગડાટ સાથે સુરતીઓએ પોલીસ જવાનો અને કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. બોલીવુડના પ્લેબેક સિંગર ભાવિન શાસ્ત્રીના એન્ડ બેન્ડ દ્વારા રળીયામણી સાંજે "ભારત માતા કી જય"ના નારા સાથે 'જય જય ગરવી ગુજરાત'સહિતના અનેક ગીતો સાથે સંગીતની મધુર સુરાવલિને સૌએ માણી હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યોજાયેલી આ શાનદાર પરેડને નિહાળવા માટે સુરતી માનવ મહેરામણ ઉમટ્યો હતો.

આ પ્રસંગે નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સર્વશ્રી અરવિંદભાઈ રાણા, મોહનભાઈ ઢોડીયા, સંદીપભાઈ દેસાઈ, મુકેશભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવશ્રી ડો.વિક્રાંત પાંડે, રાજય પોલીસ વડા ડો.કે.એલ.એન.રાવ, જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી શાલિની અગ્રવાલ, જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત અને મ્યુ. કમિશનર એમ. નાગરાજન સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલ સગીરા અપહરણ-દુષ્કર્મ કેસ, કોર્ટે આરોપીને ફટકારી ૨૦ વર્ષની કેદ અને ૨ લાખનો દંડ

ગાંધીનગર

ગાંધીનગરના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૨૫માં બનેલી સગીરાના અપહરણ અને શારીરિક શોષણની ગંભીર ઘટનામાં ન્યાયતંત્રએ ચુકાદો આપ્યો છે. કલોલની ચોથી એડિશનલ સેસન્સ કોર્ટે આરોપી રોહિતકુમાર ઉર્ફે ગાગાકુમાર કુશવાહને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને રૂ.૫ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. કેસની વિગત મુજબ, મે ૨૦૨૫માં આરોપી રોહિતકુમાર છત્રાલ વિસ્તારમાંથી ૧૬ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. આરોપી સગીરાને હરિયાણાના ગન્નોર ખાતે લઈ ગયો હતો, જયાં તેણે સગીરા પર અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અત્યાચારને કારણે સગીરા ગર્ભવતી બની હોવા છતાં આરોપીએ તેનું શોષણ ચાલુ રાખ્યું હતું. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સમગ્ર મામલે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર સેલની ટીમને તપાસ દરમિયાન ટેકનિકલ સોર્સના આધારે જાણવા મળ્યું હતું કે, આરોપી હરિયાણામાં છુપાયો છે. ત્યારબાદ પોલીસની એક ટીમ હરિયાણા પહોંચી સગીરાને મુક્ત કરાવી હતી, પરંતુ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સતત પીછો કરતી પોલીસે બિહારના રોહતાસ જિલ્લામાં સ્થાનિક વેશ ધારણ કરી છાપો માર્યો હતો અને આરોપીને તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો. કલોલ તાલુકા પોલીસે આ કેસમાં ટેકનિકલ પુરાવા એકત્ર કરી સમયસર ચાર્જશીટ રજૂ કરી હતી અને કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી જજ બી.આર. રાજપુતે આ કડક સજા સંભળાવી હતી. જેમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને રૂ.૫ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો.

## જામનગરમાં લોહી લુહાણ હાલતમાં મળી આવેલા અજાણ્યા યુવકની ઓળખ થઈ: મૃતક યુવાન નેપાળી હોવાનું જાહેર થયું

જામનગર

જામનગર શહેરમાં ગઈકાલે મળી આવેલા અજ્ઞાત યુવાનના મૃતદેહના પ્રકરણમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે તેની હત્યા થઈ હોવાનું જાહેર થયું છે, તેમજ મૃતક યુવાનની ઓળખ પણ થઈ ગઈ છે. મૃતક નેપાળી યુવાન હોવાનું તેમજ તેના મિત્રએ હત્યા કરી હોવાની ફરિયાદ મૃતકના પિતાએ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. આ ઉપરાંત મૃતક યુવાને પણ ચાર ચાર લગ્ન કર્યા હોવા છતાં ચારેય પત્નીઓને છોડીને રખડતું ભટકતું જીવન જીવતો હોવાનું પણ જાહેર થયું છે. ઉપરોક્ત હત્યા કેસમાં પોલીસે મહત્વપૂર્ણ પ્રગતિ કરી છે. મૃતકની ઓળખ તપેન્દ્ર સાઉદ (ઉંમર ૨૮) અને નેપાળી તરીકેની ઓળખ થઈ છે, તેના પિતા શંકર સાઉદ નેપાળીએ પોતાના પુત્રને ઓળખી બતાવ્યો હતો, અને તેની હત્યા નીપજાવવામાં આવી હોવાનું જણાવીને તેમણે મૃતક તપેન્દ્રના મિત્ર એવા રાકેશ ઉર્ફે રામું છેત્રી નામના નેપાળી શખ્સએ પોતાના પુત્રના માથા પર પથ્થર જીકી પગમાં પણ ઈજા પહોંચાડી હત્યા નિપજાવી હોવાનું જાહેર કર્યું છે. જે ફરીયાદના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરીયાદ મુજબ, મૃતક શિવા ઉર્ફે તપેન્દ્ર પરમદીને સાંજે પોતાના મિત્રનું એક્ટિવા સ્કૂટર લઈને બહાર નીકળ્યો હતો, અને ત્યારબાદ ગુમ થઈ ગયો હતો. પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરતા કુબેર પાર્ક પાસે નદી કિનારે તેની લાશ મળી આવી હતી. મૃતદેહની હાલત પરથી સામે આવ્યું કે તપેન્દ્રના માથાના ભાગે ભારે પથ્થરના ઘા મારવામાં આવ્યા હતા, અને બન્ને પગમાં પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. ઘટના સ્થળેથી લોહી લાગેલો પથ્થર પણ મળી આવ્યો હતો, જ્યારે નજીકમાં નદીમાં સ્કૂટર પડેલું જોવા મળ્યું હતું. આ સમગ્ર બનાવમાં મૃતકના મિત્ર રાકેશ ઉર્ફે રામુ છેત્રી સાઉદ પર શંકા વ્યક્ત કરવામાં આવ્યા બાદ પોલીસની ત્વરિત ઘનિષ્ઠ તપાસના અંતે મૃતકના પિતાની ફરીયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાનો ગુનો નોંધાયો છે અને આરોપીની શોધખોળ માટે પોલીસ તંત્ર સક્રિય બન્યું છે.

### એપ્રિલ-૨૦૨૬ના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં, ન્યાયિક અને તટસ્થ રીતે નિરાકરણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની જિલ્લાઓના વહિવટી તંત્રને સ્પષ્ટ સુચના

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાજ્ય સ્વાગતમાં ૧૦૦થી વધુ નાગરિકોની સમસ્યાનું સુખદ સમાધાન




::રાજ્ય સ્વાગતની ફલશ્રુતિ::
- ખેડૂતને મળશે જમીન સંપાદનનું વળતર
- નાણાકીય છેતરપિંડી આચરતા અસામાજિક તત્વો સામે થશે કાર્યવાહી
- જિલ્લા કક્ષાએ એકબીજા વિભાગો વચ્ચે આંતરિક સંકલનના અભાવે નાગરિકો હેરાન ન થાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ
- ઓનલાઈન સિસ્ટમની ખામીને કારણે લોકો હેરાન ન થાય તે જોવા મુખ્યમંત્રીશ્રીની સુચના
- પોતાના ટેબલ પરથી ફાઈલ બીજા ટેબલ પર જાય એટલે પોતાની જવાબદારી પુરી કરવાને બદલે લોકોના પ્રશ્નોનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી જવાબદેહીતા દાખવી, પ્રશ્નોનો આખરી નિકાલ કરવા મુખ્યમંત્રીશ્રીની સુચના

ગાંધીનગર એચ.ઓ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એપ્રિલ-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં આવેલી રજૂઆતો રૂબરૂ સાંભળીને નાગરિકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં, ન્યાયિક અને તટસ્થ રીતે નિરાકરણ માટે જિલ્લા તંત્ર વાહકોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

દર મહિને યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણના ઉપક્રમમાં એપ્રિલ-૨૦૨૬ના રાજ્ય સ્વાગતમાં રાજયભરમાંથી ૧૧૦થી વધુ રજૂઆતકર્તાઓ પોતાની રજૂઆતો સાથે ઉપસ્થિત રહ્યા હતા. એટલું જ નહી, રાજ્યમાં જિલ્લા સ્વાગતમાં કુલ ૧૩૩૫ રજૂઆતો અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુખ્યમંત્રીશ્રીએ પંચમહાલ જિલ્લામાં ખેતીની જમીનની વેચાણ હેતુ પરવાનગી મેળવવા માટે iORA પોર્ટલમાં અરજી કરી હતી. આ અરજી અધિકારીઓ એક બીજાને ટ્રાન્સફર કરતા રજૂઆતકર્તાની અરજીનો લાંબા સમય સુધી નિકાલ ન થવાના કારણે મુખ્યમંત્રીશ્રીએ ગંભીર નોંધ લઈ ઓનલાઈન સિસ્ટમની ખામીને કારણે લોકો હેરાન થાય તે જોવા જિલ્લા કલેક્ટરને સ્પષ્ટ સૂચના આપી હતી.

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં કરજણ જળાશય યોજના અંતર્ગત સંપાદિત થયેલ જમીનનો એવોર્ડ મંજૂરી થયા બાદ લાંબા સમય સુધી વળતર ન મળવા અંગે ખેડૂતે રજૂઆત કર હતી. આ રજૂઆત સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ સંવેદના દાખવી ખેડૂતને તાત્કાલિક ધોરણે ૧૦ દિવસમાં વળતર ચૂકવવા અને વળતર ચૂકવવામાં વિલંબ કરનાર જવાબદારો સામે એક્શન લેવા આદેશ કર્યો હતો.

અન્ય એક રજૂઆતમાં લોકોને નકલી ડોક્યુમેન્ટ બતાવીને નાણાકીય છેતરપિંડી આચરતા અસામાજિક તત્વો સામે કડક હાથે કામ લેવા મુખ્યમંત્રીશ્રીએ પોલીસ તંત્રને આદેશ આપ્યા હતા.

આ ઉપરાંત મહેસાણા જિલ્લામાં રીસર્વે પ્રમોલગેશનમાં ખેતીની જમીનમાં ક્ષેત્રફળમાં થયેલ ઘટાડા માટે જમીનની માપણી અને માપણી થયા બાદ રેકોર્ડમાં સુધારા અંગે ખેડૂતોની સામૂહિક રજૂઆતો મળતા મુખ્યમંત્રીશ્રીએ આવા ખેડૂતોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ કરવા જિલ્લા કલેક્ટરશ્રીને સૂચના આપી હતી. આ સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય વહીવટી તંત્રને સુચના આપતાં કહ્યુ કે, પોતાના ટેબલ પરથી ફાઈલ બીજા ટેબલ પર જાય એટલે પોતાની જવાબદારી પુરી કરવાને બદલે લોકોના પ્રશ્નોનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી જવાબદેહીતા દાખવી, પ્રશ્નોનો આખરી નિકાલ કરવો જોઈએ.

એપ્રિલ-૨૦૨૬ના આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને સચિવ ડૉ. અજય કુમાર તથા ખાસ ફરજ પરના અધિકારી શ્રી ડી. કે. પારેખ, શ્રી રાકેશ વ્યાસ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તથા સંબંધિત જિલ્લાઓના કલેક્ટર, એસ.પી., ડી.ડી.ઓ. જોડાયા હતા.

# જામનગરમાં ઈલેક્ટ્રિક વાયર ચોરીનો ત્રીજો બનાવ નોંધાયો : પોલીસ દ્વારા આરોપીઓની સઘન શોધખોળ શરૂ

જામનગર, જામનગર શહેરમાં નવા બની રહેલા મકાનોમાંથી ઈલેક્ટ્રિક વાયરનાં બંડલ ચોરી થવાના બનાવોમાં વધારો નોંધાયો છે. તાજેતરમાં આવો ત્રીજો બનાવ સામે આવતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને આરોપીઓને ઝડપવા સઘન તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, શહેરના વાલ્કેશ્વર વિસ્તાર પાછળ આવેલી સદગુરૂ કોલોનીમાં એક નવા બનેલા મકાનમાં અજાણ્યા શખ્સોએ ચોરીના બનાવને અંજામ આપ્યો હતો. આ બનાવ તા.૪ ઓક્ટોબર ૨૦૨૫થી તા.૮ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન કોઈપણ સમયે બન્યો હોવાનું સામે આવ્યું છે.